# દિલ્હીમાં વીજ બિલમાં ૫૦ ટકા રાહત

## ૨૮ લાખ દિલ્હીવાસીઓને ફાયદો : સરકાર ગબડી શકે પરંતુ ઓડિટ ચોક્કસપણે કરાવીશું : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૩૧

દિલ્હીમાં હાલમાં જ સત્તારૂઢ થયેલી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમઆદમી પાર્ટીએ એક પછી એક નિર્ણય લેવાનો સિલસિલો યથાવતરીતે જારી રાખ્યો છે. દિલ્હીમાં નવી સરકાર ટકશે કે સરકારનું પતન થશે તેવી તમામ પ્રકારની અટકળો વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મોટા નિર્ણયો લેવાનો સિલસિલો જારી રાખ્યો છે. આજે ત્રણ વિજળી કંપની બીએઈએસ રાજધાની પાવર લીમિટેડ (બીઆરપીએલ), બીએસઈએસ યમુના પાવર લિમિટેડ (બીવાયપીએલ) અને નોર્થ દેહલી પાવર લિમિટેડ (એનડીપીએલ) ના ઓડિટ કરવાનો નિર્ણય કર્યો હતો. દરમિયાન દિલ્હી સરકારે વિજળી બિલોમાં કાપ મૂકવાની પણ જાહેરાત કરી છે આના કારણે ૨૮ લાખ લોકોને સીધો ફાયદો થશે અતિ મહત્વની બેઠકમાં આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સાંજે પાંચ વાગ્ય દિલ્હી કેબિનેટની બેઠક મળી હતી જેમાં વિજળી બિલમાં કાપ મૂકવાની જાહેરાત કરાઈ હતી. આ નિર્ણય બાદ ૪૦૦ યુનિટ અથવા ઓછા પ્રમાણમાં વિજળીનો ઉપયોગ કરનારને અડધુ બીલ આપવું પડશે. કેજરીવાલે ઓડિટના નિર્ણય અંગેની માહિતી આપતા કહ્યુ હતુ કે તેઓ આ સંદર્ભમાં સીએજીને મળવાનો પણ ઈરાદો ધરાવે છે. બિમારીની સ્થિતિમાં પણ સક્રિય કેજરીવાલે કહ્યુ હતુ કે બિમારી અંગે મોડેથી પણ વિચારણા કરી શકાય છે પરંતુ હાલમાં જે સ્થિતિ છે તે અંગે તરત નિર્ણય લેવા ખૂબ જરૂરી છે. તેમણે ઉમેર્યુ હતુ કે ખૂબજ રમત રમાઈ રહી છે. ભાજપ અને કોંગ્રેસ અમારી સરકાર ન ચાલે તેવા પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં અમે એવું માનીને ચાલી રહ્યા છીએ કે અમારી પાસે માત્ર ૪૮ કલાકનો સમય રહી ગયો છે. આ ૪૮ કલાકમાં અમારી સરકારને તમામ મોટા નિર્ણય લેવા પડશે જેથી બિમારીની વાત હાલમાં યોગ્ય રહેશે નહીં. અમે આરામ મોડેથી પણ કરી શકીએ છીએ. કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ ઓડિટના સંદર્ભમાં સીએજીને મળવા માટે જઈ રહ્યા છે. જો કોર્ટે સ્ટે આપેલો છે તો તેમની સરકાર આ કંપનીઓના ઓડિટ કઈ રીતે કરાવી શકે છે તેવા પ્રશ્નોના જવાબમાં કેજરીવાલે કહ્યુ હતુકે કોઈ પણ સ્ટે નથી. માત્ર ખોટી બાબત ફેલાવવામાં આવી રહી છે. અમે અધિકારીઓ સાથે વાતચીત કરી ચુક્યા છે. તેમનું કહેવું હતુકે સરળતાથી ઓડિટ પ્રક્રિયા હાથ ધરી શકાય છે. તેમણે ઉમેર્યુ હતુ કે કાયદાથી કંપનીઓની કામગીરી જાણવામાં આવે તે જરૂરી છે આ જ કારણસર આ કંપનીઓને ઓડિટ કેમ કરાવવામાં ન આવે તે અંગે ખુલાસો કરવા કહેવામાં આવ્યુ છે. કેજરીવાલે કહ્યુ હતુકે વિજળી પૂરવઠાના મામલે પણ મહત્વપૂર્ણ નિર્ણય લેવાશે. દરમિયાન કેજરીવાલના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસે કહ્યુ હતુકે કોંગ્રેસનો એએપીને ટેકો યથાવત છે.

**કોંગ્રેસ-ભાજપ દ્વારા તેમની સરકારને ગબડાવી દેવાના તમામ પ્રયાસો ચાલી રહ્યા છે : તેમની પાસે માત્ર ૪૮ કલાક જ છેઃ મુખ્યમંત્રી કેજરીવાલનો મત**

અત્રે ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીએ ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચન ઝડપથી પૂરા કર્યા છે. ગઈકાલે જ સરકારે દર મહિને ૨૦ કિલો લીટર મફત પાણી દરરોજ ૬૬૭ લીટર પાણી એક પરિવારને અપાશે





## નેશનલ મિડિયા સેન્ટર ખાતે ત્રીજીએ વડાપ્રધાન સિંહ પત્રકાર પરિષદ યોજશે

### મનમોહનસિંહ લોકસભા ચૂંટણી પહેલા રાજીનામુ આપશે જ નહીં : મિડિયામાં પ્રકાશિત અહેવાલોને પીએમઓનો રદિયો : વડાપ્રધાન તરીકે બીજી અવધિમાં સિંહની માત્ર બીજી પત્રકાર પરિષદ હશે

નવી દિલ્હી,તા. ૩૧

વડાપ્રધાનની કચેરી (પીએમઓ) દ્વારા આજે સ્પષ્ટતા કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન મનમોહનસિંહ રાજીનામુ આપવાની કોઈ યોજના કે ઈચ્છા ધરાવતા નથી. મનમોહનસિંહ તેમની અવધિ પરિપૂર્ણ કરશે. તેમના રાજીનામા અંગેના અહેવાલ આધાર વગરના છે. વડાપ્રધાન મનમોહનસિંહ ત્રીજી જાન્યુઆરીના દિવસે સવારે ૧૧ વાગ્યે પત્રકાર પરિષદ યોજશે. આ પત્રકાર પરિષદ નેશનલ મિડિયા સેન્ટરમાં યોજાશે. આ પ્રેસ કોન્ફરન્સ વડાપ્રધાન તરીકે તેમની અવધિમાં માત્ર બીજી પત્રકાર પરિષદ રહેશે. મે ૨૦૦૯માં વડાપ્રધાન તરીકે તેમની બીજી અવધિ શરૂ થઈ હતી. અલબત્ત તેઓ એક એક વખત પાંચ એડિટરો અને ટેલિવિઝન એડિટરો સાથે વાતચીત કરી ચુક્યા છે. તેઓએ વર્ષ ૨૦૦૪-૨૦૦૯માં પ્રથમ અવધિમાં પત્રકાર પરિષદ યોજી હતી. રસપ્રદ બાબત એ છે કે વડાપ્રધાને ૧૭મી જાન્યુઆરીના દિવસે યોજાનારી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમીટીના સેશન્સ પહેલા આ વાતચીત કરવાનો નિર્ણય કર્યો છે. ૧૭મી જાન્યુઆરીની બેઠકને કેટલાક લોકો વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીના નામની જાહેરાત તરીકે પણ જોઈ રહ્યા છે. મિડિયામાં અહેવાલ આવ્યા બાદથી જ અટકળો ચાલી રહી હતી. સિંહ રાહુલ ગાંધીના નામની જાહેરાત કરશે તેવી પણ અટકળો ચાલી રહી છે. સપ્ટેમ્બર મહિનામાં વડાપ્રધાને વર્ષ ૨૦૧૪ માટે આદર્શ વડાપ્રધાન તારીકે રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યો હતો અને એમ પણ કહ્યુ હતુ કે તેમના નેતૃત્વ હેઠળ કામ કરવામાં ખુશી થશે. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે વડાપ્રધાન મનમોહનસિંહ આગામી થોડાક દિવસોમાં પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપશે. કોંગ્રેસ સૂત્રોએ અગાઉ કહ્યુ હતુ કે પીએમના રાજીનામા બાદ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની વડાપ્રધાન પદે તાજપોશી કરવામાં આવી શકે છે. જો કે પક્ષના કેટલાક સૂત્રોનું કહેવું છે કે હજુ સુધી આ પ્રકારના કોઈ નિર્ણયની જાહેરાત કરવામાં આવી નથી.



## લાલુ કોંગીની બિનજરૂરી ગુલામી કરે છે : મુલાયમ

### સત્તા માટે લાલુ ભાજપની તરફેણ કરી શકે મુજફ્ફરનગર રાહત કેમ્પ મામલે દરેક વ્યક્તિ રાજનીતિ રમી રહી છે : તમામ મદદ અસરગ્રસ્તોને કરાઈ રહી છે

લખનૌ,તા. ૩૧

રાહુલ ગાંધીની મુલાકાતના દિવસો બાદ જ મુજફ્ફરનગર કોમી હિંસા રાહત કેમ્પની મુલાકાત લેવા બદલ આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવની જોરદાર ઝાટકણી કાઢતા સમાજવાદી પાર્ટીના વડા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવે કહ્યુ હતુકે આરજેડીના નેતા બિનજરૂરીરીતે કોંગ્રસની નજીક જવાના પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રસના નેતાઓના પગને સ્પર્શ કરી રહ્યા છે. મુલાયમસિંહ યાદવે કહ્યુ હતુ કે સમાજવાદી પાર્ટી સરકાર દ્વારા કોમીહિંસાગ્રસ્ત લોકોને તમામ મદદ કરવામાં આવી રહી હોવા છતાં દરેક વ્યક્તિ આ મુદ્દે રાજકારણ રમવાના પ્રયાસમાં છે. કેટલાક લોકો જેલમાંથી મુક્ત થાય બાદ તરત જ રાહત કેમ્પમાં પહોંચી રહ્યા છે અને લોકપ્રિયતા મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. મુલાયમે લાલુના નામનો ઉલ્લેખ કર્યા વગર આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુકે હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. મુલાયમનો અગાઉ લાલુ યાદવ દ્વારા જોરદાર વિરોધ પણ કરવામાં આવી ચુક્યો છે. સમાજવાદી પાર્ટીના નેતા રાજનારેનની પુણ્યતિથિએ પક્ષના કાર્યકરોને સંબોધતા મુલાયમે કહ્યુ હતુ કે વો કોંગ્રેસ કે તલવે ચાટ રહે હૈ. ઉસકી ચાપલુસી કર રહે હૈ. મુલાયમે સત્તા હાંસલ કરવા જુદા જુદા પક્ષો સાથે વાત કરવાનો લાલુ પર આક્ષેપ કર્યો હતો. સમાજવાદી પાર્ટીના લોકો તેમની નીતિઓને છોડશે નહીં. તેમનું ધ્યાન અન્યત્ર દોરશે નહીં. લાલુની જેમ સત્તા કબજે કરવા માટે અમારી નીતિઓને અમે છોડીશું નહીં. સત્તા માટે લાલુ ભાજપની પણ તરફેણ કરી શકે છે. મુજફ્ફરનગરના મુદ્દે મુલાયમે કહ્યુ હતુકે અખિલેસ સરકાર જે કાંઈ પણ નુકસાન થયુ છે તેની ભરપાઈ કરવા પ્રયત્નશીલ બનેલી છે. સ્વતંત્ર ભારત બાદ અનેક વખત રમખાણો થઈ ચુક્યા છે. કોઈ પણ સરકારે રમખાણગ્રસ્ત લોકોની એવી મદદ કરી નથી જેવી મદદ સમાજવાદી પાર્ટી સરકારે મુજફ્ફરનગરના લોકોને કરી છે.

## હવે સબસીડીવાળા સિલિન્ડરની સંખ્યા વધારી ૧૨ કરવા તૈયારી

### ચાર રાજ્યોમાં કારમી હાર બાદ ટૂંકમાં જ નિર્ણય કરાશે : ચાર રાજ્યોમાં હાર પૈકીના કારણોમાં એક કારણ મોંઘવારી જ હોવાનું કારણ સપાટી ઉપર આવ્યા બાદ વિચારણા : મોટી સંખ્યામાં પરિવારોને રાહત થશે

નવી દિલ્હી,તા. ૩૧

તાજેતરમાં જ પાંચ રાજ્યો પૈકી ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર ખાદ્યા બાદ યુપીએ સરકાર આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈ કેટલાક લોકપ્રિય પગલાં લેવાના મૂંડમાં દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી તેની ગુમાવેલી પ્રતિષ્ઠાને પુન હાંસલ કરવા કેટલાક લોકલક્ષી પગલાં લેવાના મૂડમાં દેખાઈ રહી છે.

મળેલી માહિતી મુજબ સરકાર સબસીડીવાળા એલપીજી સિલિન્ડરોની મર્યાદા વર્તમાન નવથી વધારીને ૧૨ કરવાની દિશામાં વિચારી રહી છે. રાજકીય લાભ ઉઠાવવાના હેતુસર ટૂંકમાં આ અંગે વિધિવત જાહેરાત કરવામાં આવશે. હાલમાં એક પરિવારને સબસીડીવાળા નવ સિલિન્ડર આપવામાં આવે છે. પરિવારને નવના બદલે દર વર્ષે સબસીડીવાળા ૧૨ સિલિન્ડરો મળવા જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી ચૂકી છે. જો સરકાર આને મંજૂરી આપશે તો કોંગ્રેસ શાસિત રાજ્યોને પણ ફાયદો થવાની શક્યતા છે. કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ નેતાઓ અને કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ આ મુદ્દે રજૂઆત કરી ચૂક્યા છે. જીવન જરૂરી ચીજવસ્તુની કિંમતમાં તીવ્ર વધારાના કારણે હાલમાં કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તેનો સંપૂર્ણપણે સફાયો થયો હતો. એક સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોના પુરવઠાના મુદ્દા ઉપર મર્યાદા સંદર્ભે વિચારણા ચાલી રહી છે. યુપીએ સરકાર આર્થિક મુશ્કેલીનો સામનો પણ કરી રહી છે. એકબાજુ મંદીની સ્થિતિ છે ત્યારે બીજી બાજુ ફ્યુઅલની કિંમતમાં વધારો થઈ રહ્યો છે. થોડાક સમય પહેલાં જ સબસીડીવાળા સિલિન્ડરોની સંખ્યા ઘટાડીને ૬ કરવામાં આવી હતી. ગયા વર્ષે એક પરિવારને સબસીડીવાળા ૬ સિલિન્ડર આપવાના નિર્ણય બાદ દેશભરમાં હોબાળો મચી જતાં આ સંખ્યા વધારીને નવ કરવામાં આવી હતી.



# ૨૦૧૩ને વિદાય : નવા વર્ષનું આતશબાજીની સાથે સ્વાગત

## ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયા, મોસ્કોમાં સૌથી પહેલા નવા વર્ષનું સ્વાગત : યુરોપિયન દેશોમાં કરોડો રૂપિયાના ખર્ચથી આતશબાજી : નવા વર્ષના જશ્ન હવે આગામી બે-ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે : ભારતમાં પણ ભવ્ય ઉજવણી

નવી દિલ્હી, તા. ૩૧

વર્ષ ૨૦૧૩ને પરંપરાગતરીતે આજે વિદાય આપવામાં આવી હતી. સાથે સાથે વર્ષ ૨૦૧૪ના નવા વર્ષની ઉજવણીનો દોર પણ શરૂ થઈ ગયો હતો. આ જશ્ન આગામી બે દિવસ સુધી ચાલુ રહે તેવી સંભાવના છે. સમગ્ર વિશ્વના દેશો જશ્નમાં ડુબી ચૂક્યા છે. સાંજ પડતાની સાથે જ કાર્યક્રમો વર્ષ ૨૦૧૩ને વિદાય આપવા અને ૨૦૧૪ને આવકારવા શરૂ થયા હતા જે હવે આગામી એક-બે દિવસ સુધી યથાવતરીતે ચાલુ જ રહેશે.

વર્ષ ૨૦૧૩ને વિદાય આપવા અને વર્ષ ૨૦૧૪નું સ્વાગત કરવા માટે વિશ્વના દેશો સંપૂર્ણપણે તૈયાર થઈ ચૂક્યા છે. જુદા જુદા દેશોમાં પાર્ટીઓનો દોર નવા વર્ષની શરૂઆત થાય તે પહેલાં જ શરૂ થઈ ચૂક્યો છે. પરંપરાગત રીતે ઘણા દેશોમાં નવા વર્ષનું ભવ્ય આતશબાજી સાથે સ્વાગત કરવામાં આવે છે. નવા વર્ષને આવકારવા મોટા દેશોમાં ઘણા દિવસ પહેલાંથી જ તૈયારીઓ કરી લેવામાં આવે છે. ઉજવણીને આ વખતે આર્થિક મંદીના કારણે ચોક્કસપણે અસર થઈ રહી છે પરંતુ લોકો આમા ધ્યાન આપ્યા વગર નવા વર્ષને આવકારવામાં વ્યસ્ત થઈ ગયા છે. બીજી બાજુ વિશ્વના દેશો પણ નવા વર્ષનું ભવ્ય કાર્યક્રમ અને શાનદાર આતશબાજી સાથે સ્વાગત કરવા તૈયાર છે. ઓકલેન્ડ શહેર બાદ ઓસ્ટ્રેલિયાના પાટનગર સિડનીમાં ઉજવણી કરાવામાં આવી હતી. સિડનીના લોકપ્રિય બંદર પર નવા વર્ષની ઉજવણી માટે પહેલાથી જ તૈયારી કરી લેવામાં આવી હતી.





સમગ્ર વિશ્વના લોકો ૨૦૧૩ને ગુડબાય કરવા અને ૨૦૧૪ને આવકારવા પહેલાથી જ તૈયાર થઈ ગયા હતા. ઓસ્ટ્રેલિયામાં સિડની હાર્બર ખાતે વેન્ટેજ પોઈન્ટ ઉપર લાખો લોકો એકત્રિત થયા હતા. સિડની હાર્બર બ્રિજ ઉપર પણ શાનદાર આતશબાજી જોવા મળી હતી. ન્યૂઝીલેન્ડના શહેર ઓકલેન્ડમાં સમગ્ર આકાશ આતશબાજીથી છવાઈ ગયુ હતુ. ઓસ્ટ્રેલિયા પણ વિવિધ કાર્યકમો રાતભર ચાલનાર છે. સમગ્ર વિશ્વમાં નવા વર્ષની ઉજવણીનો દોર શરૂ થઈ ગયો છે જે હવે આગામી બે ત્રણ દિવસ સુધી જારી રહેશે.

શાનદાર આતશબાજીનો નજારો જોવા મળી રહ્યો છે. વિશ્વભરમાં ૨૦૧૪ને આવકારવા માટે તૈયારી થઈ ચુકી છે. પાર્ટીઓના દોર શરૂ થઈ ચુક્યા છે. યુરોપના દેશોમાં વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ન્યૂયોર્ક શહેરમાં લાખો લોકો ટાઈમ્સ સ્કવેર ખાતે પરંપરાગત મીડ નાઈટ બોલ ડ્રોપને જોવા માટે ઉપસ્થિત થનાર છે.

## ભ્રષ્ટાચાર મામલે ટૂંકમાં વિરભદ્રસિંહની પૂછપરછ

### હિમાચલના મુખ્યમંત્રી ઉપર સકંજો મજબૂત : પ્રાથમિક તપાસના સંદર્ભમાં વધુ પુરાવાઓ હાથ લાગ્યા

નવી દિલ્હી,તા. ૩૧

સીબીઆઈ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વિરભદ્રસિંહની પૂછપરછ કરવાની યોજના બનાવી રહી છે. તેમની સામે કરવામાં આવી ચૂકેલા ભ્રષ્ટાચારના આક્ષેપોમાં પ્રાથમિક તપાસના સંબંધમાં તેમની પૂછપરછની તૈયારી ચાલી રહી છે. સીબીઆઈ ટૂંક સમયમાં જ વિરભદ્રસિંહની પૂછપરછ કરી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સીબીઆઈ ટૂકડી વિરભદ્રસિંહને કરવામાં આવનાર પૂછપરછ માટેના પ્રશ્નો તૈયાર કરી ચૂકી છે. એક વીજળી કંપની દ્વારા ૨.૪ કરોડ રૂપિયાની ચૂકવણીના સંદર્ભમાં મુખ્યમંત્રી સામે ભ્રષ્ટાચારના આક્ષેપોમાં તપાસ કરી રહી છે. એ વખતે તેઓ સ્ટીલ પ્રધાન તરીકે હતા. એકાએકજ તેમના આવકવેરા રિટર્નમાં ઉલ્લેખનીય વધારો થઈ ગયો હતો. જો કે વિરભદ્રસિંહે કહ્યું હતું કે એલઆઈસી સાથે એક કરારના પરિણામ સ્વરૂપે તેમને આ ભવ્ય આવક થઈ છે. સીબીઆઈએ આ સમગ્ર મામલામાં ઓક્ટોબર મહિનામાં જ તપાસ હાથ ધરી હતી.

સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશન (એસટીસી) દ્વારા કરવામાં આવેલી ફરિયાદના આધાર ઉપર આ તપાસ હાથ ધરાઈ હતી. સ્ટેટ ટ્રેડીંગ કોર્પોરેશને ખાનગી કંપનીઓ દ્વારા એસટીસીના અધિકારીઓને કરવામાં આવેલી ચૂકવણીમાં તપાસ કરવા સીબીઆઈને અપીલ કરી હતી. ત્યારબાદ પ્રશાંત ભૂષણે સીબીઆઈના ડિરેક્ટર રણજીત સિંહાને પત્ર લખીને દિલ્હી હાઈકોર્ટમાં એક અપીલ પણ કરી હતી. ભૂષણે આક્ષેપ કર્યો હતો કે આઈટી રિટર્ન અને એફડેવીટ જેવા ઘણા પ્રાથમિક દસ્તાવેજો છે જેમાં ઘણી બધી બાબતો અયોગ્ય દેખાઈ રહી છે.

## દેવયાની કેસમાં માફી માંગવા અમેરિકાનો સાફ ઈનકાર

### ભારતીય મહિલા ડિપ્લોમેટ મામલામાં ભારત સરકારના ખૂબ કઠોર વલણ છતાં અમેરિકા પર કોઈ અસર ન થઈ

ન્યૂયોર્ક,તા. ૩૧

ભારતીય ડિપ્લોમેટ દેવયાની ખોબ્રાગઢેના મામલામાં ભારતના જોરદાર દબાણની અમેરિકા ઉપર કોઈ અસર થઈ રહી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ વિઝા છેતરપિંડીના કેસમાં અમેરિકી સરકાર દેવયાનીની સામે કેસ પરત લેવાના મૂડમાં દેખાઈ રહી નથી. અમેરિકી સરકારે કહ્યું છે કે તે દેવયાની સામે કોર્ટ કાર્યવાહીને જારી રાખશે. ભારત સમક્ષ માફી માગવાનો પણ ઈન્કાર કરી દીધો છે જેથી એમ માનવામાં આવે છે કે અમેરિકી સરકાર ૧૩મી જાન્યુઆરીના દિવસે મેનહટનની કેન્દ્રીય કોર્ટમાં અદાલતી જ્યુરી સમક્ષ આરોપો રજૂ કરશે અને એ દિવસે કોર્ટમાં દેવયાનીને પણ હાજર કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ અમેરિકા દેવયાનીની સામે થનારી સુનાવણી દરમિયાન કોર્ટની સામે મૂકવામાં આવનાર આરોપો માટે જરૂરી પુરાવા એકત્રિત કરવામાં વ્યસ્ત છે. આ મામલામાં કોર્ટ સમક્ષ આરોપો રજૂ કરવાની તારીખ ૧૩મી જાન્યુઆરી નક્કી કરવામાં આવી છે.

### નવાં કલેવર (પાના નં. ૪ નું ચાલુ)

અચાનક એક દિવસ સ્નેહાને જોઇ સૌ ચોંક્યા. લાલ રંગની સોનેરી બોર્ડર વાળી સાડી, સેંથામાં સિંદુર, કપાળમાં લાલ ચટ્ટક ચાંદલો અને ગળામાં મંગળસૂત્ર તેની સાક્ષી પુરતું હતું. તે દિવસથી એક નવું નામકરણ થયું. સ્નેહા જોષી, સ્નેહા વ્યાસ બની ગઇ. સમીરથી મોટી હતી પણ પ્રેમમાં એવું બધું ક્યાં જોવાય છે. આમ પણ એક ઉંમર વીતી ગયા પછી પાંચ સાત વર્ષનું અંતર દેખાય પણ નહીં. જાણે બંને એકબીજાની રાહત જોતાં એકલા જિંદગી જીવતાં હતા. એક બીજા પ્રત્યે આ શક્તિ પરસ્પર ચિરસ્મરણનો ભાવ બંનેની આંખોમાં ઝલકતો હતો. સ્નેહા ઉમળકા સાથે પ્રેમથી અપનાવવાના સુખની લહેરોમાં ડુબતી ઉછળતી હતી. ક્યાંક આ સપનું તૂટી તો નહીં જાય તેવી શંકા મનમાં જાગે તે પહેલાં સમીરની ભાવનામાં રહેલી સચ્ચાઇ તેનો વિશ્વાસ દૃઢ કરી દેતી. બંને એકબીજાને જાણે પોતાનામાં સમાવી લેવા માંગતા હતા. બંનેની જુગલજોડી એકબીજાને પુરક બની રહી હતી. તેમનું જીવન પૂર્ણતા તરફ આગળ વધી રહ્યું હતું. દરેકને પોતાનું જીવન પોતાની રીતે જીવવાનો અધિકાર છે એ તો ખરૂં જ ને!

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

હવે આપણી આ જિંદગી જેવી બરણીમાં પહેલાં રેતી ભરી દઇએ તો પેલાં ટેનિસ બોલ કે લખોટી માટે જગ્યા જ નહીં બચે. એટલે કે ફાલતું વાતોમાં આપણો સમય વ્યતીત થઇ જશે અને મહત્ત્વની વાતો છુટી જશે. તમારો બધો જ સમય નાની નાની વાતો પાછળ શક્તિ ખર્ચવામાં ચાલ્યો જશે. આપણા માટે મહત્ત્વનું શું છે? આપણને કોણ સુખી કરી શકશે? આપણે શું મેળવવું છે? બસ એનાં પર ધ્યાન કેન્દ્રિત કરો. પોતાના બાળકો સાથે રમો, પત્નીને ફરવા લઈ જાવ. મા-બાપની ઈચ્છા પુરી કરો, કસરત કરો, પોતાનું મેડિકલ ચેકઅપ કરાવવા સમય કાઢો. પોતાના ઘરની સફાઈ માટે કે બિનઉપયોગી વસ્તુને હટાવવા હંમેશા સમય મળશે. પેલા ટેનિસ બોલ જેવાં આપણા જરૂરી લોકોની પ્રથમ કાળજી લો. કેટલીક વાર લખોટી જેવા કામોમાં હાય વલોરામાં પેલાં મહત્ત્વનાં લોકો છુટી જતાં હોય છે. પહેલાં શું નક્કી કરી લો બાકી તો જીંદગીમાં પેલી ધૂળ અને રેતી જ છે...

પાર્થ સરની વાત પતી એટલામાં એક વિદ્યાર્થીએ હાથ ઉપર કર્યો, એણે પૂછ્યું, 'સર, આમાં કૉફી એટલે શું?' સરને ગર્વ થયો કે ચાલો મારાં વિદ્યાર્થીઓ હોંશિયાર તો છે, એમણે કહ્યું, 'સારૂં થયું તે પૂછ્યું, કૉફીનો મતલબ એટલો જ કે જિંદગી ગમે તેટલી પૅક જતી હોય અને સમયનો અભાવ હોય તો પણ મિત્રો સાથે બે કપ કૉફી પીવા જેટલી જગ્યા તો જરૂર હોય જ છે...' નવાં વર્ષની સુંદર શરૂઆત માટે આખો કલાસ આજે ખુશખુશાલ હતો. નવાં વર્ષે આપણને સૌને એક મોટું ગિફ્ટ હેમ્પર મળ્યું છે. અને એ એટલે ૩૬૫ દિવસનો બેરર ચેક. સૌનાં સપનાં સાકાર કરવા એક સરખી ગેરેંટેડ ગિફ્ટ!!

***ચૂંટલો :***

જિંદગીમાં દરેક લોકો, દરેક વસ્તુ, દરેક કાર્યો મહત્ત્વનાં છે અને કરવાનાં જ છે, પણ દરેકે પોતાની પ્રાયોરીટી નક્કી કરી લેવી. પોતાની જરૂરિયાતને જે મેનેજ કરી લે છે એ મેન જ સુપરમેન સાબિત થાય છે.